તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે 'શ્રી કામધેનુ રો હાઉસ અને શોપીંગ સેન્ટર' નો પ્લોટ નં.૫૯ માપ આશરે ૮૦.૪૫ ચો.વાર એટલે ૬૭.૨૯ ચો.મી બરાબર, સાઈટ મુજબ માપ આશરે ૮૧.૧૬ ચો.મી, મંજુર પ્લાન મુજબ ખુલ્લી જમીનના પ્રમાણસર વણવહેચાય હિસ્સા કુલ સીઓપી અને રોડ માર્જીન પૈકી જમીન નો રેવન્યુ સર્વે નં.૧૯૪, પૈકી બ્લોક નં.૮૨, આશરે માપ હેક્ટર આરે ૦-૮૩-૨૪ એટલે ૮૩૨૪.૦૦ ચો.મી, પૈકી રહેણાંકની જમીન, ગામ લીન્ડયાદ, તા.માંગરોલ, જી. સુરત ખાતે આવેલ છે જેની ચતુર્દિશા : **પુર્વ તરફ** : લાગુ અન્ય પ્લોટ, **પશ્ચિમ તરફ** : લાગુ સોસાયટી નો રોડ, **ઉત્તર તરફ** : લાગુ પ્લોટ નં.૫૮, **દક્ષિણ તરફ** : લાગુ અન્ય બ્લોક,

તા. ૦૧/૧૧/૨૦૨૬ | સ્થળ : સુરત | અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, એમએસએમઈ શાખા

## -:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::-

ડીસ્ટ્રીકટ **સુરત** સબ-ડીસ્ટ્રીકટ તાલુકા **અડાજણ**ના મોજે ગામ **જહાંગીરાબાદ**ના રે.સ.નં.૧૬૪/૧+૨ પૈ, બ્લોક નં.૧૦૫ થી નોંધાયેલી જમીન કે જેનું ક્ષેત્રફળ ૧૧૩૩૧ ચો.મી. છે. જેને ફાયનલ ટી.પી.સ્કીમ નં.૪૪ (જહાંગીરાબાદ), લાગુ પડતા એફ.પી.નં.૪ ફાળવેલ છે. જેનું ક્ષેત્રફળ ૭૯૩૨ ચો.મી. બીનખેતીની જમીન પૈકી દક્ષિણ દીશા તરફની સબ-ડિવીઝન-બી વાળી ૪૫૨૫ ચો.મી. જમીન (સીટી સર્વે ઓફીસ સુરત-૨, વાર્ડ જહાંગીરાબાદ (બીનખેતી)**સીટીસર્વે નં.NA ૧૦૫/૨** મુજબ ક્ષેત્રફળ ૪૫૨૪.૮૩ ચો.મી.)જમીનમાં રહેણાંકના હેતુ માટે આયોજીત **''મણી વિલા''** ના નામથી પાડવામાં આવેલા ખુલ્લા પ્લોટો પૈકી **પ્લોટ નં.૧૬** વાળી મિલકત કે જેનું ક્ષેત્રફળ ૭૬.૨૬ ચો.મી. યાને ૯૧.૨૧ ચો.વાર છે. જે મિલકત ઉપર ભોંયતળિયા અને બે માળનું બાંધકામ આવેલ છે. તે જમીન સહિતની બાંધકામવાળી મિલકત તથા સોસાયટીના કોમન ખુલ્લી જગ્યા, રોડ, રસ્તાની વિગેરેમાં રાસુકા વપરાશની જમીનમાં ભાગે આવતા વણ વહેંચાયેલા હિસ્સાની ૩૮.૩૦ ચો.મી. પ્લોટવાળી મિલકત તથા તેને લાગતા વળગતા અંદરનાં તથા બહારનાં તમામ હકકો સહિતની દરોબસ્ત મિલકત **ભાવિકા જીજ્ઞેશભાઇ લુણાગરિયા**નાંઓએ પોતાની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટા, વહીવટ, વ્યવસ્થા હેઠળની ચાલી આવેલી હોવાનું જણાવી તથા સદરહુ મિલકતનાં ટાઇટલ ચોખ્ખા અને માર્કેટેબલ, કોઇપણ જાતનાં બોજા કે ચાર્જ રહિત હોવાનું જણાવી, કોઇનાં કશા પ્રકારનો ઇઝમેન્ટનો હકક ન હોવાનું જણાવી તેમજ અન્ય કોઇને વેચાણ આપવાનું નકકી કરેલ નથી તેમ જણાવી અમારા અસીલને કિંમતી અવેજ બદલ વેચાણ આપવા માંગે છે. આથી સદરહુ મિલકત બાબતે કોઇપણ શખ્સ, સંસ્થા કે અન્ય કોઇના કોઇપણ પ્રકારનાં હકક હિત, હિસ્સા, અધિકાર, ચાર્જ, બોજો, લીયન, દર-દાવો કે કોઇપણ જાતનો વાંધો હરકત હોય તો તેણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ માં અમોને પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો આ નોટીસની મુદત વિત્યે કોઇ પણ વ્યકિત કે સંસ્થાનો કોઇપણ પ્રકારે હકક, હિત, હિસ્સો, સંબંધ, અધિકાર, ચાર્જ, બોજો, લીયન, દર-દાવો કે કોઇપણ જાતનો વાંધો હરકત નથી અને હોય તો તે જતા કર્યા છે યાને વેઇવ કર્યો છે. એમ માની લઇ અમારા અસીલ સદરહુ મિલકતના પાકા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અગર તે સંદર્ભેનાં અન્ય પાકા લખાણો કરાવી લેશે અને પાછળથી કોઇની કોઇપણ પ્રકારે તર-તકરાર, દાવો, ફરીયાદ ચાલશે નહિ. જેની તમામ લાગતા વળગતાઓએ નોંધ લેવી.

ઓફીસ : ૨૦૪, સેકન્ડ ફલોર, ઓકયુલસ, મધુવન સર્કલની નજીક, એલ.પી. સવાણી રોડ, અડાજણ, સુરત.૩૯૫૦૦૯ મો.નં. ૯૭૨૭૭-૦૬૫૪૩

**દિપન આર.માસ્તર**
તે ખરીદનારનાં એડવોકેટ

## ટાઈટલ કલીયર અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસથી જણાવવાનું કે, નીચે જણાવેલ વર્ણન અને વિગતવાળી મજકુર પ્લોટવાળી મીલકત : **શ્રી નંદકિશોર કાંતિલાલ ખાટીવાલા,** રહેવાસી : ૧૨, પ્રકાશ સોસાયટી, અઠવાલાઈન્સ, સુરતનાની સ્વતંત્ર માલિકી અને કબજા ભોગવટા હેઠળ ચાલી આવેલી છે. અને સદરહુ નીચે દર્શાવેલ મીલકતનો ટાઈટલ કલીયરન્સ રીપોર્ટ હમો કનેથી માંગણી કરેલ છે અને તેઓએ સદરહું મીલકત હમારા અસીલને વેચાણથી આપવાનું નકકી કરેલ હોય. પરંતુ સદરહું મીલકતનાં અસલ દસ્તાવેજો પૈકી નીચે જણાવેલ દસ્તાવેજો તેમના કબજા-ભોગવટામાંથી **ગેરવલ્લે યાને ગુમ થયેલ છે.** જેથી સદરહું મીલકત બાબતે કોઈપણ પ્રકારનો વાંધો, તર-તકરાર હોય યા કોઈના લાગભાગ, હકક હિસ્સો હિત સંબંધ હોય અગર કોઈ વ્યકિત યા નાણાંકીય સંસ્થાનો કે બેંકનો બોજો-લેણું હોય તો **આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭** માં હમોને લેખીત દસ્તાવેજી પુરાવા સહિત નીચેના સરનામે જાણ કરવી, અન્યથા આ જાહેર નોટીસની મુદત વિત્યેથી કોઈના કોઈપણ જાતના વાંધા-વિરોધ, અવરોધ આવશે નહી તો હમો દ્વારા સદરહું મીલકતનો ટાઈટલ કલીયરન્સ રીપોર્ટ / સર્ટીફીકેટ ઈસ્યું કરવામાં આવશે અને રજી.વેચાણ દસ્તાવેજની નોંધણી પણ કરી લેવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર, વાંધો-વિરોધ ચાલશે નહી. જેની લાગતા વળગતા તમામે ખાસ નોંધ લેવી.

**:: ખોવાય ગયેલ દસ્તાવેજોની વિગત ::**

કતારગામ સબ-રજી.કચેરીમાં નોંધાયેલ વેચાણ દસ્તાવેજ **અનુક્રમ નં.૩૨૧૨, તા.૧૬/૦૬/૨૦૦૩** થી નોંધાયેલ રજી.વેચાણ દસ્તાવેજની રજીસ્ટ્રેશન ફી ભર્યાની ઓરીજનલ/અસલ પહોંચ/રસીદ.

**:: પ્લોટવાળી મીલકતની વિગત ::**

ડિસ્ટ્રીકટ : સુરત, સબ-ડિસ્ટ્રીકટ સુરત સીટી-૪ (કતારગામ) તા.ચોર્યાસી ના **મોજે ગામ : કોસાડ** ના રે.સર્વે નં. ૬૪+૬૫/૧+૬૫/૩, **બ્લોક નં. ૧૧૪** તથા ટી.પી. નં.૨૩, એફ.પી. નં.૬૪ થી નોંધાયેલ બિનખેતીની જમીનમાં આવેલ રહેઠાણનાં પ્લોટો પૈકી **''મહાવીરધામ વિભાગ-૧''** માં આવેલ **''પ્લોટ નંબર : ૨૯''** થી નોંધાયેલ મિલકત કે જેનું કુલ્લે ક્ષેત્રફળ : ૫૦.૧૬૭૨ ચો.મી. છે. કે જે આશરે ૩૪.૪૫ ચો.મી ક્ષેત્રફળની માર્જીન સહીતની જગ્યાના માલિકી હકક સહિત ગ્રાઉન્ડ ફલોર + ફર્સ્ટ ફલોર + સેકન્ડ ફલોર ના પાકા બાંધકામ સહિતની મીલકત તેને લાગતા વળગતા તમામ હકકો સહિત કુલ્લે દરોબસ્ત.

અજમેરી એસોસીએટ્સ, એડવોકેટસ
ઓફીસ : ૨૨૬/બી, સેકન્ડ ફલોર, માનસરોવર શોપીંગ કોમ્પલેક્ષ, વિ-૨, સાયણ રોડ, મુ.પો.અમરોલી. સુરત-૩૯૪૧૦૭.

**કિરણકુમાર એ. અજમેરી**
એડવોકેટ & નોટરી
મો.93273 95715 / 96386 87268

## Dakshin Gujarat Vij Company Limited

DGVCL
CIN U40102GJ2003SGC042909
Regd. & Corp. Office : 'Urja Sadan',
N. V. Road, Kapodara Char Rasta, Surat 395 006 GUJARAT
DGVCL Toll Free No. 19123 (or 1800 233 3003)

### Tender Notice

Tenders are invited for " Supply and installation of various medical equipment at various location of Government Veterinary Clinics of Surat District under DGVCL CSR Initiative 2026-27 and Supply and installation of various medical equipment at various location of old civil Hospital, Surat under DGVCL CSR Initiative 2026-27 and Supply and installation of various medical equipment at various location of New Civil hospital, Surat (Group A) under DGVCL CSR Initiative 2026-27 and Supply and installation of various medical equipment at various location of New Civil hospital, Surat (Group B) under DGVCL CSR Initiative 2026-27". Tenders are put up on www.dgvcl.com (For view & download) and http://tender.nprocure.com (For view, download and online submission).

| Sr. No. | Tender No. | Estimated Cost |
|---|---|---|
| 1 | DGVCL/Corp/Civil/CSR 2026-27/Medical Equipment/ 322 | Rs.12,00,000.00 (Including GST) |
| 2 | DGVCL/Corp/Civil/CSR 2026-27/Medical Equipment/ 323 | Rs.11,00,000.00 (Including GST) |
| 3 | DGVCL/Corp/Civil/CSR 2026-27/ Medical Equipment/324 | Rs.1,67,00,000.00 (Including GST) |
| 4 | DGVCL/Corp/Civil/CSR 2026-27/ Medical Equipment/325 | Rs.47,00,000.00 (Including GST) |

Note: Bidders may visit the above website/s for regular updates till opening of the tenders. ACE (P), DGVCL, Surat.

## મોજે કરમલા તા.ઓલપાડની બ્લોક નં.૨૫૯વાળી જમીન વેચાણ અંગેની જાહેર નોટીસ સામે વાંધા તેમજ ચેતવણી

તા.૩/૧૧/૨૦૨૬ના ગુજરાત મિત્ર દૈનિકમાં મોજે કરમલાની બ્લોક નં.૨૫૯ પૈકીની વણવહેચાયેલા હિસ્સાની ૩૧૬૦૨.૨૭ ચો.મી જમીન અંગે એડવોકેટ અજયકુમાર ડી.કાકરિયાએ તેમના અસીલ તરફે પ્રસિધ્ધ કરેલી જાહેર નોટીસમાં જણાવેલી હકીકત ખોટી છે અને ગેરમાર્ગે દોરનારી છે અને અમારા અસીલોને સદર જાહેર નોટીસની હકીકતો કબુલ નથી.

જાહેર નોટીસમાં જણાવેલી મોજે કરમલાની બ્લોક નં.૨૫૯વાળી મિલકતના મુળ માલિક ભાણાભાઈ ઉકાભાઈ હતા જેઓ બીનવસીયતે ગુજરી ગયેલા એટલે તેમના તમામ વારસોનો હિન્દુ વારસાધારા મુજબ કાયદેસરનો હક્ક હિસ્સો અને હિત સંબંધ લાગે છે અમારા અસીલ ભાણાભાઈની દીકરી ડાહીબેનના સીધીલીટીના વારસો છે અમારા અસીલે કે તેમની માતૃશ્રીએ તેમનો સદર બ્લોક નં.૨૫૯વાળી મિલકતમાંનો હક્ક હિસ્સો કોઈની પણ તરફેણમાં કોઈ પણ વખતે જતો કરેલો નથી કે છોડી દીધેલો નથી. તેમજ સદર બ્લોક નં.૨૫૯વાળી મિલકતની ભાણાભાઈના વારસો વચ્ચે કોઈ પણ વખતે વહેચણી કે વ્યવસ્થા થયેલી નથી. સદર બ્લોક નં.૨૫૯વાળી મિલકતમાં અમારા અસીલનો ૧/૮ હક્ક હિસ્સો અને હિત સંબંધ સમાયેલો છે અને તે હક્ક હિસ્સો છુટો પડાવી કબજે મેળવવા માટે અમારા અસીલે ઓલપાડના સિવિલ જજ સાહેબની કોર્ટમાં ચાલતા રે.દી.મુ.નં.૪૧/૨૧ના દાવામાં કાઉન્ટર કલેઈમ કરેલો છે જે પેન્ડીંગ છે.

એટલે ઉપરની હકીકતમાં જાહેર નોટીસમાં જણાવેલા વેચાણ આપનારાઓનો જાહેર નોટીસમાં જણાવેલા ક્ષેત્રફળ ૩૧૬૦૨.૨૭ ચો.મી મુજબનો હક્ક હિસ્સો નથી કે તેઓનું ચોખ્ખું અને માર્કેટેબલ ટાઈટલ નથી સદર મિલકત અંગે સિવિલ કોર્ટમાં દાવાદુવીના પ્રકરણો પેન્ડીંગ છે એટલે સદર બ્લોક નં.૨૫૯વાળી મિલકત એડવોકેટ અજયકુમાર વી.કાકડીયાના અનામી અસીલે કે કોઈએ પણ વેચાણ રાખવી નહિ. ઉપરની હકીકત છતાં જો કોઈ પણ વ્યક્તિ સદર મિલકત વેચાણ રાખશે તો તેને ચોખ્ખું અને માર્કેટેબલ ટાઈટલ પ્રાપ્ત થશે નહિ અને વેચાણ રાખનારાએ દાવાદુવીના પ્રકરણોનો સામનો કરવો પડશે તેની જાહેર જનતા તેમજ અજયકુમાર ડી.કાકડીયાના અનામી અસીલે નોધ લેવી.

**ચિરાગ એ.પટેલ**
તે રે.દી.મુ.નં.૪૧/૨૦૨૧ના દાવાના પ્રતિવાદી નં.૨૯/૧ થી ૨૯/૧૨ના એડવોકેટ
મુ.પો અણિતા તા ઓલપાડ જી.સુરત

## વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, તા.અડાજણ, શહેર સુરતના મોજે અડાજણના રે.સ.નં. ૧૬૮/૧ પૈકી, જેનો ટી.પી.સ્કીમ નં. ૩૨, ફા.પ્લોટ નં. ૧૧૧ વાળી જમીનમાં આવેલ સાકાર રો હાઉસમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં. ૯ વાળી બાંધકામવાળી મીલકત જેના પ્લોટનું ક્ષેત્રફળ ૭૯.૪૩ સચો.મી. તથા તે પર આવેલ ૧૦૩.૪૫૨ ચો.મી ના બાંધકામવાળી મીલકત અલ્પાબેન મનસુખભાઈ ગુજરાતી પાસેથી રણછોડભાઈ જોઈતારામ પટેલનાએ તા. ૨૦/૯/૧૯૯૯ ના રોજ ખરીદ કરેલ જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે. સુરતના સબ-રજીસ્ટ્રાર-૧ ની કચેરીમાં અનુ.નં. ૨૪૩૨૯ થી નોંધાયેલ, ત્યારબાદ, સદરહુ મીલકત રણછોડભાઈ જોઈતારામ પટેલ પાસેથી રોહિતકુમાર રમણલાલ દેસાઈનાએ તા. ૪/૭/૨૦૦૬ ના રોજ ખરીદ કરેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે. સુરતના સબ-રજીસ્ટ્રાર (અઠવા) ની કચેરીમાં અનુ.નં. ૯૮૪૨ થી નોંધાયેલ છે. ત્યારબાદ, રોહિતકુમાર રમણલાલ દેસાઈનું તા. ૧૯/૩/૨૦૨૬ ના રોજ અવસાન થતાં મર્હુમના સીધી લીટીના વારસદાર તરીકે (૧) રાગીણીબેન રોહિતભાઈ દેસાઈ (૨) કૌશલકુમાર રોહિતભાઈ દેસાઈ (૩) ટીના તે હર્ષિત દેસાઈની પત્ની અને રોહિતભાઈ રમણલાલ દેસાઈની પુત્રી તથા (૪) તૈતલ તે અંકિત દેસાઈની પત્ની અને રોહિતભાઈ રમણલાલ દેસાઈની પુત્રીનાઓ સદરહુ મીલકતના સહમાલીક, મુખત્યાર તેમજ પ્રત્યક્ષ કબજેદાર ચાલી આવેલા અને સદરહુ મીલકતના ટાઇટલ ચોખ્ખા અને માર્કેટેબલ રહેલા હોવાનું જણાવી, કિંમતી અવેજ બદલ, બ્યાનાની રકમ સ્વીકારી મારા અસીલને પ્રત્યક્ષ કબજા સહિત અને બોજા રહિત વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદરહુ મીલકત અંગે કોઈપણ રીતના હકક હોય કે લીયન યા કોઈપણ વ્યક્તિ, બેંક/ સંસ્થાના કોઈપણ પ્રકારના વારસાઈ હક્ક, ભાઉઆતના હકકો, સાટાખતના હકકો યા હિત, અધિકાર હોય તો તેઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ માં સદરહુ મીલકત અંગેના વાંધા દસ્તાવેજી પુરાવાઓ સહિત હમોને લેખિતમાં મોકલી આપવા. જો તેમ કરવામા કસુર કરવામા આવશે તો આ નોટીસની મુદત વિત્યે કોઇ પણ વ્યકિત કે સંસ્થાનો કોઇ પણ પ્રકારે હકક, હિત, હિસ્સો, સંબધ, અધીકાર, ચાર્જ, બોજો, લીયન, દર-દાવો કે કોઇ પણ જાતનો વાંધો, હરકત નથી અને હોઇ તો તે જતા કર્યા છે યાને વેવ કરેલ છે તેમ માની મારા અસીલ મજકુર માલીકો પાસેથી સદરહુ મીલકત ખરીદ કરવા અંગેના પાકા કાયદેસરના લખાણો/ રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. જેની આથી લાગતા વળગતા તમામ તથા જાહેર જનતાએ છેવટની નોંધ લેવી. .

ઠે. બી/૧૦૧, સુમેરૂ સીલ્વર લીફ એપાર્ટમેન્ટ, પાલ લેક ગાર્ડન પાસે, પાલ રોડ, સુરત
મો.નં. ૯૮૨૫૮૬૧૬૨૯
મો.નં. ૯૮૨૫૮૯૧૨૫૭

**રોહિત જે. શાહ**
**રવિકુમાર આર. શાહ**
તે ખરીદનારના એડવોકેટ્સ

## -:: જાહેર નોટીસ ::-

આથી જાહેર જનતાને જણાવવાનું કે, જીલ્લોઃ સુરત, સીટી સર્વે ઓફીસઃ સુરત-૧, **વોર્ડ નં.૭**, શીટ નં.૮, **સિટી સર્વે નં.૪૭૨૭/અ/૧**, જેનું સીટી સર્વે મુજબનું ક્ષેત્રફળ ૭૬૨.૧૯૨ ચો.મી. છે, તે વાળી જમીન તથા જીલ્લોઃ સુરત, સીટી સર્વે ઓફીસઃ સુરત-૧, **વોર્ડ નં.૭**, શીટ નં.૮, **સિટી સર્વે નં.૪૭૨૯/બ**, જેનું સીટી સરવે મુજબનું ક્ષેત્રફળ ૧૪૮.૮૩૧૧ ચો.મી. છે, તે વાળી જમીન તથા જીલ્લોઃ સુરત, સીટી સરવે ઓફીસ સુરત-૧, **વોર્ડ નં.૭**, શીટ નં.૮, **સિટી સર્વે નં.૪૭૩૦/૧**, જેનું સીટી સર્વે મુજબનું ક્ષેત્રફળ ૪૯.૭૦૬૨ ચો.મી. છે, તે વાળી જમીનોના માલીકો **(૧) મુનીરાબેન શબ્બીરભાઈ બદરી, (૨) માસુમા શબ્બીરભાઈ બદરી, (૩) મારીયા શબ્બીરભાઈ બદરી, (૪) મુફદ્દલ શબ્બીરભાઈ બદરી,** તમામ રહેવાસીઃ ૭/૪૭૨૦-ઈ, બદરી મેન્શન, સ્ટેશન રોડ, સુરતનાઓના સંયુક્ત નામે ચાલી આવેલ છે. તેમજ સદરહુ જમીનો પોતાની સંયુક્ત માલિકી, પ્રત્યક્ષ કબજા, ભોગવટા, વહીવટ હેઠળની તેમજ કલીયર માર્કેટેબલ ટાઈટલ્સ તથા કોઈપણ પ્રકારના દાવાઓ તથા બોજાઓ વગરની હોવાનું જણાવી સદરહુ જમીનો અમારા અસીલને કિંમતી અવેજ બદલ વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને અમારા અસીલએ સદરહુ જમીનો ખરીદ કરવાનુ નક્કી કરેલ છે. આથી સદરહુ જમીનો સંદર્ભે કે તેના કોઈ ભાગ સંદર્ભે રાષ્ટ્રિયકૃત બેંક, સહકારી બેંક, કો.ઓ. બેંક કે કોઈપણ વ્યક્તિ ત્થા નાણાકીય સંસ્થાને કે કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક-હિત-હિસ્સો, ભરણપોષણનો હક્ક, દાવ, અધિકાર, બાનાખત, સાટાખત, વારસાઈ, વિગેરે ચાલી આવેલ હોય તો તે અંગેના આધારભુત દસ્તાવેજો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી લેખિતમાં દિન-૭ની મુદ્દતમાં અમારા નીચે જણાવેલ સરનામે રજુ કરી ખાત્રી કરાવશો, સબબ ઉપરોક્ત નિયત સમયમર્યાદામાં કોઈના કોઈપણ પ્રકારના વાંધા /વિરોધ નોંધાવવામાં નહીં આવે તો તે અંગે કોઈપણ ઈસમના રાઈટસ, ટાઈટલ, ઈન્ટરેસ્ટ નથી ત્યાં હોઈ તો તે વેવ યાને જતા કરેલા હોવાનુ માની અમારા અસીલ સદરહુ જમીનોના કાયદેસરના લખાણ યા દસ્તાવેજો ઉપરોક્ત જમીનોના માલિકો પાસેથી કરાવી લેશે અને તે અંગે ભવિષ્યમાં કોઈની કોઈપણ પ્રકારની તકરાર, દાવો, ફરિયાદ ચાલશે નહી, જેની આ જાહેર નોટીસથી સર્વોએ નોંધ લેવી.

સ્થળ : સુરત. તા. ૦૬.૧૧.૨૦૨૬
૧૧૦, પહેલા માળે, લાલભાઈ કોન્ટ્રાકટર બિલ્ડીંગ, નાનપુરા પોસ્ટ ઓફીસ પાસે, નાનપુરા, સુરત.
મો. : ૯૮૨૫૬ ૫૮૮૫૪.
ઈ-મેઈલ : salinamomin27@gmail.com

**સલીના મોમીન**
એડવોકેટ

## વેચાણ અંગે ટાઈટલ કલીયરન્સની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને આ જાહેર નોટીસ દ્વારા જાણ કરી જણાવવામાં આવે છે કે, ડીસ્ટ્રીકટ : સુરત, સબ-ડીસ્ટ્રીકટ તાલુકો : ઓલપાડનાં મોજે ગામઃ **દીહેણ**નાં **ખાતા નંબર : ૧૯૭૮, જેનો સર્વે નંબર : ૬૮૪/૨, જેનો બ્લોક નંબર : ૯૯૦** વાળી ખેડખાતાની ટાઈટલ કલીયર ખેતીની જમીન, જેનું કુલ સુમારે ક્ષેત્રફળ હે.આરે. ૦-૯૬-૧૧ ચો.મી. ખેતીની જમીન, જેનો આકાર રૂા.૯-૫૬ પૈસાવાળી ખેતીની જમીન **ધનસુખભાઈ કાંતિભાઈ પટેલ**ની સ્વતંત્ર કુટુંબની માલિકી, કબજા, ભોગવટા, વહીવટ, વ્યવસ્થાની ચાલી આવેલી હોવાનું તથા તમામ પ્રકારનાં ટાઈટલ કલીયર અને માર્કેટબલ હોવાનું જણાવીને મારા અસીલોને વેચાણ કરવા માંગે છે. સદરહુ જમીન-મીલકતમાં કોઈપણ વ્યક્તિ, વંશવાલી, વારસદારો, બેંક, ટ્રસ્ટ/સંસ્થાનો કોઈપણ પ્રકારનો વાંધો-વિરોધ, લાગભાગ, કબજા હકક, વેચાણ હકક, માલીકી હક્ક, હીત, અધીકાર, સંબંધ, કે દાવો, બોજો, લીયન, ધીરાણ, મોર્ગેજ, કરજ, ગીરો હક્ક, ભાડા હક્ક, સાટાખત હક્ક, ઈઝમેન્ટ હક્ક, વપરાશી હક્ક, અલાખો કે લીયન હોય, તો આ નોટીસ પ્રસિદ્ધ થયે દિન-૭માં લેખીત પુરાવાઓ લઈ મને મળવું. મુદત વિત્યાબાદ કોઈનો કશા પ્રકારનો કાયદેસરનો વાંધો-વિરોધ, તરતકરાર, લાગભાગ, હકક, હીત, અધિકાર નથી, અથવા કબજા હક્ક, વેચાણ હક્ક, હીત, અધીકાર રાજીખુશીથી જમીન-માલીકોની તરફેણમાં જતો(વેવ) કરેલ છે, તેમ માની મુળ જમીન માલીકોને નકકી કરેલ પુરેપુરો વેચાણ અવેજ ચુકવણી કરીને, સદરહુ જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ મારા અસીલોનાં નામે કરી-કરાવી લેવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર/તકરાર, વાંધો-વિરોધ, દાવા-દુવી ચાલશે નહી. જેની સ્પષ્ટ નોંધ લેવી.

**લિ.ધનસુખભાઈ કાંતિભાઈ પટેલ**

મારી મારફતઃ
બી. કે. રાબડીયા - એડવોકેટ
સંજય જે. ગોલકીયા - એડવોકેટ

ઓફિસઃ સાક્ષી હાઉસ, જીવનધારા હોટલ સામે, ગીતાંજલી, વરાછા રોડ, સુરત. મો.૯૯૨૫૦ ૧૫૨૧૫

## વેચાણ અંગેની જાહેર નોટીસ

જત હમારા અસીલશ્રીની સુચના અને ફરમાઈશ થયેથી જણાવવાનું કે, જીલ્લો નવસારીના તાલુકો જલાલપોરના મોજેઃ આસણા ગામે આવેલ નીચે મુજબની ખેતીની જમીન

| ખાતા નંબર | જુનો બ્લોક નંબર | નવો બ્લોક નંબર | ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. | આકાર રૂા. પૈસા |
|---|---|---|---|---|
| ૪૦૮ | ૨૦૫ | ૨૧૫ | ૦-૨૮-૫૮ | ૩.૦૫ |
| ૩૯૨ | ૨૦૭ | ૨૧૮ | ૧-૧૨-૩૧ | ૯.૨૦ |

ઉપરોક્ત ખેતીની જમીન અબ્દુલહે અબ્દુલઅઝીઝ મુલ્લાના સ્વતંત્ર નામે ચાલી આવેલ છે. તેઓએ સદર જમીન હમારા અસીલને ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલ હોવાનું જણાવી વેચાણ આપવાનું નક્કી કરેલ છે, તેમજ વેચાણને લગતી કાર્યવાહી ટુંક સમયમાં કરી લેનાર છે. આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામને જણાવવાનું કે, ઉપરોક્ત મિલકત અન્વયે કોઈનો કોઈપણ જાતની સોદાચિઠ્ઠી, સાટાખત, બાનાખત, કોઈપણ જાતનું લખાણ કે કરાર કરવામાં આવેલ હોય તથા કોઈપણ વ્યક્તિ, ઈસમ કે સંસ્થાનો લાગ, ભાગ, હકક, હિત, હિસ્સો ચાલી આવેલ હોય તો તે અંગેના લેખિત પુરાવા સહિત દિન-૭ માં હમોને નીચે જણાવેલ સરનામે જાણ કરવી. મુદત દરમ્યાન આવી જાણ કરવામાં આવશે નહીં કે ખાત્રી આપવામાં આવશે નહીં તો હરકોઈને મજકુર મિલકતમાં કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો, લાગ, ભાગ કે, બોજો કે દર-દાવો નહીં હોવાનું અને હોય તો તે છોડી દીધો હોવાનું ગણાશે. અને હમારા અસીલ ઉપર જણાવેલ મિલકતના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અંગેની કાર્યવાહી પૂર્ણ કરી લેશે. જેની લાગતા-વળગતાઓએ નોંધ લેવી.

મારી સુચનાથી, તા. ૦૫-૧૧-૨૦૨૬ (સહી)
અસીલ મજકુરની સુચના અને ફરમાઈશથી,
**પિયુષ પી. રાઠોડ** (એડવોકેટ)
રહે. આમડપોર, તા. જી. નવસારી-૩૯૬૪૪૫. મો. ૮૮૬૬૫૪૧૪૬૩

## મોજે કરમલા તા.ઓલપાડની બ્લોક નં.૨૫૯વાળી જમીન વેચાણ અંગેની જાહેર નોટીસ સામે જાહેર વાંધા તેમજ જાહેર ચેતવણી

તા.૩/૧૧/૨૦૨૬ના ગુજરાત મિત્ર દૈનિકમાં મોજે કરમલાની બ્લોક નં.૨૫૯ પૈકીની વણવહેચાયેલા હિસ્સાની ૩૧૬૦૨.૨૭ ચો.મી જમીન અંગે એડવોકેટ અજયકુમાર ડી.કાકરિયાએ તેમના અનામી અસીલ તરફે પ્રસિધ્ધ કરેલી જાહેર નોટીસમાં જણાવેલી હકીકત ખોટી છે અને ગેરમાર્ગે દોરનારી છે અને અમારા અસીલોને સદર જાહેર નોટીસની હકીકતો કબુલ નથી.

જાહેર નોટીસમાં જણાવેલી મોજે કરમલાની બ્લોક નં.૨૫૯વાળી મિલકતના મુળ માલિક ભાણાભાઈ ઉકાભાઈ હતા જેઓ બીનવસીયતે ગુજરી ગયેલા એટલે તેમના તમામ વારસોનો હિન્દુ વારસાધારા મુજબ કાયદેસરનો હક્ક હિસ્સો અને હિત સંબંધ લાગે છે અમારા અસીલ ભાણાભાઈની દીકરી જમનાબેન તેમજ મણીબેનના સીધીલીટીના વારસો છે અમારા અસીલે કે તેમની માતૃશ્રીએ તેમનો સદર બ્લોક નં.૨૫૯વાળી મિલકતમાંનો હક્ક હિસ્સો કોઈની પણ તરફેણમાં કોઈ પણ વખતે જતો કરેલો નથી કે છોડી દીધેલો નથી. તેમજ સદર બ્લોક નં.૨૫૯વાળી મિલકતની ભાણાભાઈના વારસો વચ્ચે કોઈ પણ વખતે વહેચણી કે વ્યવસ્થા થયેલી નથી. ભાણાભાઈના ગુજરી ગયા બાદ તેમના પુત્રોએ રેવન્યુ દફતરે ખોટી અને ગેરકાયદેસરની કાર્યવાહી કરી તેઓના નામ દાખલ કરાવી દીધેલા પરંતુ રેવન્યુ રેકર્ડમાં નામ દાખલ કરી દેવાથી તેઓને ચોખ્ખું કે માર્કેટેબલ ટાઈટલ પ્રાપ્ત થતું નથી અને થયું નથી એટલે સદર નોટીસમાં જણાવેલા વેચાણ આપનારાઓને પણ ચોખ્ખું અને માર્કેટેબલ ટાઈટલ પ્રાપ્ત થયું નથી અને થતું નથી અને સદર બ્લોક નં.૨૫૯વાળી મિલકતમાં અમારા અસીલનો ૧/૮ +૧/૮ હક્ક હિસ્સો અને હિત સંબંધ સમાયેલો છે અને તે હક્ક હિસ્સો છુટો પડાવી કબજે મેળવવા માટે અમારા અસીલે ઓલપાડના સિવિલ જજ સાહેબની કોર્ટમાં રે.દી.મુ.નં.૪૧/૨૧નો દાવો દાખલ કરેલો છે જે દાવો પેન્ડીંગ છે તેમજ સદર મિલકત અંગેના અન્ય દાવાના કામે નામદાર ગુજરાત હાઈકોર્ટ સિવિલ કોર્ટની પરવાનગી સિવાય સદર મિલકત વેચાણ કરવી નહિ તેવો હુકમ કરેલો છે જેની નોધ પણ રેવન્યુ રેકર્ડમાં થયેલી છે.

એટલે ઉપરની હકીકતમાં જાહેર નોટીસમાં જણાવેલા વેચાણ આપનારાઓનો જાહેર નોટીસમાં જણાવેલા ક્ષેત્રફળ ૩૧૬૦૨.૨૭ ચો.મી મુજબનો હક્ક હિસ્સો નથી કે તેઓનું ચોખ્ખું અને માર્કેટેબલ ટાઈટલ નથી સદર મિલકત અંગે સિવિલ કોર્ટમાં દાવાદુવીના પ્રકરણો પેન્ડીંગ છે એટલે સદર બ્લોક નં.૨૫૯વાળી મિલકત એડવોકેટ અજયકુમાર વી.કાકડીયાના અનામી અસીલે કે કોઈએ પણ વેચાણ રાખવી નહિ. ઉપરની હકીકત છતાં જો કોઈ પણ વ્યક્તિ સદર મિલકત વેચાણ રાખશે તો તેને ચોખ્ખું અને માર્કેટેબલ ટાઈટલ પ્રાપ્ત થશે નહિ અને વેચાણ રાખનારાએ દાવાદુવીના પ્રકરણોનો તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમના અનાદર બદલ કન્ટેમ્પ ઓફ કોર્ટની કાર્યવાહીનો સામનો કરવો પડશે તેની જાહેર જનતા તેમજ અજયકુમાર ડી.કાકડીયાના અનામી અસીલે નોધ લેવી.

**જીગ્નેશ બી ટેલર**
તે રે.દી.મુ.નં.૪૧/૨૦૨૧ના દાવાના વાદીના એડવોકેટ
શ્રીરંગ, નવા ફળીયા, કઠોર, તા. અબ્રામા, જી.સુરત

## સેલો વર્લ્ડ લિમિટેડ

cello
(અગાઉ સેલો વર્લ્ડ પ્રાઇવેટ લિમિટેડ તરીકે ઓળખાતી)
રજિસ્ટર્ડ ઓફિસઃ 597/2A સોમનાથ રોડ, દાભેલ, નાની દમણ - 396210, દમણ અને દીવ
CIN: L25209DD2018PLC009865 | કોન્ટેક્ટ નંબરઃ +91 22 6997 0000
વેબસાઇટઃ www.corporate.celloworld.com | ઇમેઇલઃ grievance@celloworld.com

### અનઓડિટેડ કન્સોલિડેટેડ અને સ્ટેન્ડઅલોન ફાઇનાન્સિયલ રિઝલ્ટ્સ - સપ્ટેમ્બર 30, 2026ના રોજ પૂરા થયેલા બીજા ક્વાર્ટર માટે

SEBI (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, 2015ના રેગ્યુલેશન 33 હેઠળ સ્ટોક એક્સચેન્જ પાસે ફાઇલ કરાયેલા સપ્ટેમ્બર 30, 2026ના રોજ પૂરા થયેલા બીજા ક્વાર્ટર માટે કંપનીના સ્ટેચ્યુટરી ઓડિટરના લિમિટેડ રિવ્યુ રિપોર્ટ્સ સાથેના અનઓડિટેડ ફાઇનાન્સિયલ રિઝલ્ટ્સ (કન્સોલિડેટેડ અને સ્ટેન્ડઅલોન) ઓડિટ કમિટી દ્વારા રિવ્યુ કરવામાં આવ્યા છે અને નવેમ્બર 05, 2026ના રોજ યોજાયેલી તેમની મીટિંગમાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.

લિમિટેડ રિવ્યુ રિપોર્ટ્સ સાથેના અનઓડિટેડ ફાઇનાન્સિયલ રિઝલ્ટ્સ (કન્સોલિડેટેડ અને સ્ટેન્ડઅલોન)નો સંપૂર્ણ ફોર્મેટ BSEની વેબસાઇટ www.bseindia.com પર, નેશનલ સ્ટોક એક્સચેન્જ લિમિટેડની વેબસાઇટ www.nseindia.com પર અને કંપનીની વેબસાઇટ www.corporate.celloworld.com પર ઉપલબ્ધ છે.

લિસ્ટિંગ રેગ્યુલેશન્સના રેગ્યુલેશન 47ના પાલનમાં અમે આથી નોટિફાય કરીએ છીએ કે નીચે આપેલા ક્વિક રિસ્પોન્સ (QR) કોડને સ્કેન કરીને પણ આ એક્સેસ કરી શકાય છે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી અને તેમના માટે
સેલો વર્લ્ડ લિમિટેડ
સહી/-
પંકજ જી રાઠોડ
જોઇન્ટ મેનેજિંગ ડિરેક્ટર
DIN: 00027572

સ્થળઃ મુંબઇ
તારીખઃ નવેમ્બર 05, 2026

## વાપી મહાનગરપાલિકા - વાપી

૩૯૬૧૯૧, તા- વાપી, જી. વલસાડ
(ટાઉન પ્લાનીંગ વિભાગ)
અધિસુચન
વાપી શહેરી વિકાસ સત્તામંડળની મુસદ્દારૂપ વિકાસ યોજના - ૨૦૪૫

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૩(૧) હેઠળ તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ના નિયમ-૫ અન્વયે

સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામાં ક્રમાંક : GH/V/206 of 2025/UDUHD/MSM/e-file/18/2025/0139/L, તા.૨૩/૦૬/૨૦૨૫થી વાપી શહેરી વિકાસ સત્તામંડળ, વાપીની રચના કરવામાં આવેલ છે. તેમજ ઉક્ત જાહેરનામાંના મુદ્દા નં.૭ ની જોગવાઈથી વાપી શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (જેનું આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૨૩(૧) હેઠળના કરવાના થતાં તમામ કાર્યો અને સત્તાની સોપણી ઉક્ત અધિનિયમની કલમ ૨૩(૨) હેઠળ વાપી મહાનગરપાલિકાને સોપવામાં આવેલ છે.

વાપી મહાનગરપાલિકા ધ્વારા સદરહુ અધિનિયમની જોગવાઇઓ અનુસરી નિયમોનુસાર મુસદ્દારૂપ વિકાસ યોજનાની પ્રારંભિક દરખાસ્તો તૈયાર કરેલ છે. જેને તા.૧૬-૧૦-૨૦૨૬ ના રોજ યોજાયેલ વાપી મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિ ધ્વારા ઠરાવ નં.૦૧ થી મંજૂરી મળેલ છે. તેમજ સદર દરખાસ્તને તા.૩૦-૧૦-૨૦૨૬ ના રોજ યોજાયેલ સામાન્ય સભાના ઠરાવ નં. ૩૩ થી બહાલી આપવામાં આવેલ છે. સદરહુ અધિનિયમની કલમ-૯(૧) હેઠળની જોગવાઇઓ અનુસરી વાપી શહેરી વિકાસ સત્તામંડળની મુસદ્દારૂપ વિકાસ યોજના-૨૦૪૫ને સરકારશ્રીમાં સાદર કરેલ છે.

સદરહુ અધિનિયમની કલમ-૧૩ ની પેટા કલમ(૧) અનુસાર વાપી મહાનગરપાલિકા આથી નોટીસ આપી જણાવે છે કે, ગુજરાત રાજ્યના રાજયપત્રમાં મુસદ્દારૂપ વિકાસ યોજના - ૨૦૪૫ પ્રસિધ્ધ થયાના તારીખથી બે માસની મુદતની અંદર તેના સંબંધમાં કોઈપણ વ્યક્તિ પાસેથી મળે તેવા કોઈ વાંધા અને સૂચનો આધારા પુરાવા સહિત લેખિત રીતે નીચે સહી કરનારને બે નકલમાં રૂબરૂ/રજી. પોસ્ટથી મોકલવાના રહેશે. આવેલ વાંધા સૂચનો અન્વયે સદરહુ અધિનિયમની આનુસાંગીક જોગવાઇઓ અનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

મુસદ્દારૂપ વિકાસ યોજના-૨૦૪૫ અનુસૂચિમાં દર્શાવેલ વિગતો સહિત વાપી મહાનગરપાલિકાની ટાઉન પ્લાનીંગ શાખાની કચેરીમાં સરકારી જાહેર રજાના દિવસો સિવાય કચેરીના કામકાજના સમય દરમ્યાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લી રાખવામાં આવેલ છે.

અનુસૂચિઃ-
૧. વાપી શહેરી વિકાસ સત્તામંડળ મુસદ્દારૂપ વિકાસ યોજનાનો અહેવાલ
૨. વાપી શહેરી વિકાસ સત્તામંડળ મુસદ્દારૂપ વિકાસ યોજનાનો બેઝમેપનો નકશો
૩. વાપી શહેરી વિકાસ સત્તામંડળ મુસદ્દારૂપ વિકાસ યોજનાનો હયાત જમીન વપરાશનો નકશો
૪. વાપી શહેરી વિકાસ સત્તામંડળ મુસદ્દારૂપ વિકાસ યોજનાનો સૂચિત જમીન વપરાશનો નકશો

સ્થળઃ વાપી

મ્યુનિસિપલ કમિશ્નર
વાપી મહાનગરપાલિકા

કચેરીનું સરનામુંઃ
ટાઉન પ્લાનીંગ શાખા, વાપી મહાનગરપાલિકા,
વાપી ટાઉન પોલીસ સ્ટેશન પાસે,
તા-વાપી, જિ. વલસાડ-૩૯૬૧૯૧

નં. માહિતી/વલસાડ/૫૪૮/૨૦૨૬

## જી.સુરતના તા.ઓલપાડના મોજે ગામ જાફરાબાદ બ્લોક નં.૨૯,૩૬,૯૯,૧૨૪ તથા ૧૧૦ વાળી ખેતીની જમીનો અંગે તા.૨૬/૧૦/૨૦૨૬ ના ગુજરાતમિત્ર દૈનિકમાં એડવોકેટશ્રી પિયુષ એચ. કંથારીયાએ પ્રસિધ્ધ કરાવેલ ખોટી હકીકતવાળી જાહેર નોટીસ તથા જાહેર ચેતવણીનો સાચો અને સચોટ જાહેર જવાબ

ઉપરોક્ત જમીનો અંગે એડવોકેટશ્રી પિયુષ એચ. કંથારીયાએ તેમના અસીલો વિનોદ આર.સોલંકી, દિલીપભાઈ રમેશભાઈ સોલંકી, રાકેશ આર. સોલંકી તથા ધનુબેન નાનુભાઈ ઉમેદા તર્ફે તા. ૨૬/૧૦/૨૦૨૬ ના ગુજરાતમિત્ર દૈનિકમાં પ્રસિધ્ધ કરાવેલ જાહેર ચેતવણી તદ્દન ખોટી, ગેરકાયદેસરની અને જાહેર જનતાને ગેરમાર્ગે દોરનારી છે અને તેનાથી જાહેર જનતાએ ગેરમાર્ગે નહી દોરાવવા માટે જણાવવામાં આવે છે.

ખરી હકીકત એવી છે કે, જી. સુરતના તા. ઓલપાડના મોજે ગામ જાફરાબાદ મુકામે આવેલ જાફરાબાદના બ્લોક નં. ૨૯, ૩૬, ૯૯, ૧૨૪ તથા ૧૧૦ થી નોંધાયેલ જમીનોના મુળ માલીક લાલજીભાઈ ઝીણાભાઈ તથા છોટુભાઈ ઝીણાભાઈ ચાલી આવેલા. જેઓ પૈકી લાલજીભાઈ ઝીણાભાઈ તથા તેમના ધર્મપત્ની મંછીબેન પણ ગુજરી જવાથી વારસાઈ હક્કે મર્હુમોના હિસ્સાની જમીનના માલીક મહેશભાઈ લાલજીભાઈ તથા ગોમતબેન લાલજીભાઈ થયેલા.

સદરહુ જમીનોના સહમાલીક છોટુભાઈ ઝીણાભાઈ પણ ગુજરી જવાથી મર્હુમની હિસ્સાની જમીનના માલીક જમનાબેન તે છોટુભાઈ ઝીણાભાઈની વિધવા તથા મર્હુમના પુત્રો ગોવિંદભાઈ છોટુભાઈ, ચીમનભાઈ છોટુભાઈ, કાંતિભાઈ છોટુભાઈ તથા મર્હુમની પુત્રીઓ જયાબેન ઉર્ફે જેલીબેન રમેશભાઈ, લક્ષ્મીબેન રમેશભાઈ, માણેકબેન બાલુભાઈ તથા ભાનુબેન જયંતિલાલ થયેલા. જેઓ પૈકી કાંતિભાઈ છોટુભાઈ ગુજરી જવાથી મર્હુમના હિસ્સાના માલીક રંજનબેન તે કાંતિભાઈ છોટુભાઈની વિધવા, મનોજ કાંતિભાઈ, ચેતનાબેન કાંતિભાઈ તથા કવિતાબેન કાંતિભાઈ થયેલા. તેમજ જયાબેન ઉર્ફે જેલીબેન રમેશભાઈ તે છોટુભાઈ ઝીણાભાઈની પુત્રી ગુજરી જવાથી મર્હુમના હિસ્સાના માલીક વિનોદ આર. સોલંકી, દિલીપભાઈ આર. સોલંકી, રાકેશ આર. સોલંકી, કિશોર આર. સોલંકી તથા ધનુબેન નાનુભાઈ તે જયાબેન ઉર્ફે જેલીબેન રમેશભાઈની પુત્રી થયેલા.

ઉપરોક્ત જમીનોમાંથી છોટુભાઈ ઝીણાભાઈની પુત્રીઓ લક્ષ્મીબેન છોટુભાઈ, માણેકબેન છોટુભાઈ તથા ભાનુબેન છોટુભાઈએ તેમજ મર્હુમ જયાબેન ઉર્ફે જેલીબેન છોટુભાઈ તે રમેશભાઈની પત્નીના વારસો વિનોદભાઈ રમેશભાઈ, દિલીપભાઈ રમેશભાઈ, કિશોરભાઈ રમેશભાઈ, રાકેશભાઈ રમેશભાઈ તથા ધનુબેન રમેશભાઈએ તેમનો હક્ક-હિસ્સો તા. ૫/૧/૨૦૦૯ ના નોટરાઈઝડ હક્ક-હિસ્સો છોડ્યા અંગેના કરારની રૂએ જમનાબેન તે છોટુભાઈ ઝીણાભાઈની વિધવા, ગોવિંદભાઈ છોટુભાઈ, ચીમનભાઈ છોટુભાઈ તથા કાંતિભાઈ છોટુભાઈના લાભમાં રાજીખુશીથી હરહંમેશને માટે છોડી દીધેલ છે અને તે બદલ તેઓએ સર્કલ ઓફિસર ઓલપાડ રૂબરૂ સંમતિ જવાબ પણ આપેલ છે. અને બ્લોક નં. ૨૯, ૯૯ તથા ૧૨૪ વાળી જમીનો નવી શરતની જમીનો તરીકે ચાલી આવેલ હોવાથી તે અંગે ના. કલેક્ટર ઓલપાડ પ્રાંત, સુરતના તરફથી તા. ૭/૧૨/૨૦૧૦ ના રોજ કેસ નં.ટેનન્સી/નામકમી/ઓરમા/વશી. ૧૦૬૪/૧૦ સે. તુ. ૧૮/૬૩/૧૦ ના કામે હુકમ કરીને નામો કમી કરવાનો હુકમ કરેલ છે. અને તે અંગેની નોંધ તલાટી દફતરે એન્ટ્રી નં. ૧૧૨૭ તા. ૧૧/૧/૨૦૧૧ થી કરવામાં આવેલ છે.

જાફરાબાદના બ્લોક નં. ૨૯, ૯૯, ૧૨૪ તથા ૩૬ થી નોંધાયેલ જમીનો અંગે મહેશભાઈ લાલજીભાઈ, ગોમતબેન લાલજીભાઈ, જમનાબેન છોટુભાઈ, ગોવિંદભાઈ છોટુભાઈ, ચીમનભાઈ છોટુભાઈ, રંજનબેન તે કાંતિભાઈ છોટુભાઈની વિધવા, મનોજકુમાર કાંતિભાઈ, ચેતનાબેન કાંતિભાઈ તથા કવિતાબેન કાંતિભાઈ વચ્ચે કરવામાં આવેલ તા. ૫/૯/૨૦૧૩ ના કૌટુંબિક વહેચણ લેખ મુજબ બ્લોક નં. ૨૯ થી નોંધાયેલ જમીન જમનાબેન છોટુભાઈ, ગોવિંદભાઈ છોટુભાઈ, ચીમનભાઈ છોટુભાઈ રંજનબેન તે કાંતિભાઈ છોટુભાઈની વિધવા, મનોજકુમાર કાંતિભાઈ, ચેતનાબેન કાંતિભાઈ તથા કવિતાબેન કાંતિભાઈને પ્રાપ્ત થયેલી. તેમજ બ્લોક નં. ૩૬ તથા બ્લોક નં. ૧૨૪ થી નોંધાયેલ જમીન ગોવિંદભાઈ છોટુભાઈ, ચીમનભાઈ છોટુભાઈ, રંજનબેન તે કાંતિભાઈ છોટુભાઈની વિધવા તથા મનોજકુમાર કાંતિભાઈને પ્રાપ્ત થયેલી. તેમજ બ્લોક નં. ૯૯ થી નોંધાયેલ જમીન મહેશભાઈ લાલજીભાઈ તથા ગોમતબેન લાલજીભાઈને પ્રાપ્ત થયેલી. જે અંગેની નોંધ તલાટી દફતરે એન્ટ્રી નં. ૧૩૯૮ તા. ૧/૬/૨૦૧૫ થી કરવામાં આવેલ છે. અને બ્લોક નં. ૧૧૦ થી નોંધાયેલ જમીન જમનાબેન તે છોટુભાઈ ઝીણાભાઈની વિધવા, ગોવિંદભાઈ છોટુભાઈ, ચીમનભાઈ છોટુભાઈ, રંજનબેન તે કાંતિભાઈ છોટુભાઈની વિધવા, મનોજકુમાર કાંતિભાઈ, ચેતનાબેન કાંતિભાઈ તથા કવિતાબેન કાંતિભાઈએ તા. ૮/૧/૨૦૧૪ ના રજી.વેચાણ દસ્તાવેજ નં. ૩૯૨ થી મહેશભાઈ વસંતભાઈ પટેલને વણ-વહેંચાયેલ હિસ્સાની જમીન વેચાણ આપી દીધેલ છે. તેમજ બ્લોક નં. ૨૯ વાળી જમીના સહમાલીક જમનાબેન તે છોટુભાઈ ઝીણાભાઈની વિધવાએ તેમનો હક્ક-હિસ્સો તા. ૨૧/૯/૨૦૧૬ ના રજી. રીલીઝ દસ્તાવેજ નં. ૧૭૧૫૩ થી છોડી દીધેલ છે. અને જે અંગેની નોંધ રેવન્યુ દફતરે એન્ટ્રી નં. ૧૫૩૭ તા. ૧૮/૧૧/૨૦૧૬ થી કરવામાં આવેલ છે.

ઉપરોક્ત તમામ સંજોગોમાં બ્લોક નં. ૨૯, ૩૬, ૯૯, ૧૧૦ તથા ૧૨૪ થી નોંધાયેલ જમીનોમાં વિનોદ આર.સોલંકી, દિલીપભાઈ રમેશભાઈ સોલંકી, રાકેશ આર.સોલંકી તથા ધનુબેન નાનુભાઈ ઉમેદા તે રમેશભાઈની પુત્રીનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો રહેલ નથી. તેમ છતાં મર્હુમ છોટુભાઈ ઝીણાભાઈની પુત્રી જેલીબેન ઉર્ફે જયાબેન તે રમેશભાઈની પત્નીના વારસો તરીકે વિનોદ આર.સોલંકી, દિલીપભાઈ રમેશભાઈ સોલંકી, રાકેશ આર.સોલંકી તથા ધનુબેન નાનુભાઈ ઉમેદાએ ખોટી રીતે મોટી રકમનો તોડ કરવાનાં બદઈરાદાથી ખોટી હકીકતવાળી જાહેર ચેતવણી પ્રસિધ્ધ કરાવેલ હોવાનું સ્પષ્ટ જણાય આવે છે. જેથી તેમની આવી ખોટી હકીકતવાળી જાહેર નોટીસ તથા જાહેર ચેતવણીથી જાહેર જનતાએ ભરમાવવું નહીં.

**બી.એ.તમાકુવાલા તથા નલિની વી.મકવાણા**
તે ગોવિંદભાઈ છોટુભાઈ, ચીમનભાઈ છોટુભાઈ તથા મર્હુમ કાંતિભાઈ છોટુભાઈના વારસોના એડવોકેટસ
ઠે.૩૦૧, શીવમ કોમ્પલેક્ષ, પાલીયા સ્ટ્રીટ, નાનપુરા, સુરત.